ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

આખરે તો જિંદગીની સાંજ આવી જાય છે.
ગામડાની એક શેરી યાદ આવી જાય છે.
- રમેશ ઠક્કર

### પાથેય

- રમેશ ઠક્કર

## શેરીનો સળવળાટ

શહેરની શેરી અને ગામની સાંકડી શેરી એ બંને વચ્ચે લાખ ગાડાનો ફરક હોય છે..! ગામની શેરી વગડાઉ ફુલ જેવી હોય છે..આપોઆપ નીખરેલા વ્યકિતત્વ જેવી..શહેરની પોળને ઘડીભર તમે એની અડોઅડ બેસાડી શકો..પોળ અને ગામની શેરીનો ઉછેર લગભગ એકસરખો જ હોય છે! જેનું બાળપણ શેરીમાં વીત્યું હોય એનું બાકીનું આયખું ગમે ત્યાં વીતે પણ એના અંતરમાં શેરી જીવતી હોય છે..શહેરની શેરી શુષ્ક હોય છે.એની તુલના ગામડાની જીવંત શેરી સાથે થાય નહી. નગરની કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટી જેવાં હારબંધ મકાનોથી કદી શેરી ના બને..આપોઆપ ઊભાં થયેલાં ખોરડાં કે ઘરોનો જે સહજ સમુદાય બને એનું નામ શેરી..શેરીનો પોતાનો આગવો કોલાહલ હોય છે. એની પીછાન હોય છે..શેરીમાં ફક્ત આવાસ જ નહીં સહવાસ પણ હોય છે..શેરીઓનો પણ જ્યારે સમૂહ બને ત્યારે એ મહોલ્લો બને છે..મહોલ્લાના હદયમાં શેરીઓનો ધબકાર હોય છે.. ગામ કે નગર હવે કોઈ મોટા કારખાનાની પ્રોડક્ટ જેવાં એકસરખાં કે એકવિધ જ જોવા મળે છે..આધુનિકતાનો સૌથી મોટો અભિશાપ એ છે કે એણે ગામની પોતીકી મુદ્રાનો ધ્વંસ કરી નાખ્યો છે..શેરીનાં ઘરોની એ મ્હોલાત..ખડકી,માઢ, ઓસરી, પરસાળ,ઓરડા,ઢાળિયું, ચોક કે વાડો..આ શબ્દાવલિઓ હવે કોઈક રડયાખડયા લેખકની સ્મરણકથાઓમાં જ વાંચવા મળે છે..

શહેરનો ઘરો એકજેવાં હોય છે..સોસાયટીઓ કે ફલેટો બધુંય ગોઠવાયેલું એકવિધ..આધુનિક આવાસોમાં બધું જ છે..નથી ફક્ત એક ધબકતું આંગણું...'તુમ્હારે પાસ સબકુછ હૈ..મગર મેરે પાસ આંગન હૈ !'એવું શેરી મહાનગરના વૈભવી ફલેટને છટાથી કહી શકે ! કેમકે ગામડાનાં ઘરોની જે માયા હોય છે એ આજીવન છુટતી નથી.

માણસ હંમેશાં આગળ ચાલતો રહે છે..જીવન એટલે ચાલવાનું નામ.એની ઝડપ કયારેક એવી હોય છે કે એને સફરનો અંદાજ આવતો નથી.ધસમસતી જિંદગીમાં કેટલાક મુકામ એવા આવે છે જે એના હદયમાં અંકિત થઈ જાય છે.જેનું બાળપણ ધુળિયા ગામોમાં વીત્યું હશે એ ક્યારેય એ વૈભવને ભુલી શકતો નથી.ગામડાની શેરીઓમાં ખોવાયેલી નાનપણથી પગલીઓ એ આપણી હયાતીના પ્રથમ હસ્તાક્ષર જેવી હોય છે..વિતેલા સમયને સાંધવાનું કામ ઘણીવાર માણસની સ્મૃતિ કરે છે..આપણે મુળ તો પ્રકૃતિનો એક હિસ્સો જ છીએ ને ? ગામડું આપણા એ નૈસર્ગિક ભાવને બરાબર ઉપસાવે છે..સાંકડા ઘરોની વિશાળતા વિસ્મય પમાડે એવી હોય છે..શહેરોમાં મોટા બંગલાઓ કે ધમધમતા રસ્તાઓ આટલી ઉદારતા રાખી શકતા નથી..એની એક ચોક્કસ ગતિ હોય છે..ગામડું પોતાના લયમાં ચાલે છે..અને એટલે જ જ્યેરે જીવનમાં ઉદાસી ઘેરી વળે કે એનો અંત નજદીક દેખાય ત્યારે માણસને ગામડાનું પોતાનું ઘર કે શેરી યાદ આવી જાય છે.. આ બધું હવે ધીમેધીમે લુપ્ત થતું જાય છે.ગામડાની ઓળખ જેવી શેરી હવે જૂની છબીમાં જ સચવાઈ છે..જયાં ધુળ નથી,ગોધૂલી નથી, નવરાશ નથી, કોલાહલ નથી, ત્યાં શેરી ઉછરતી નથી ! કહેવાય છે કે આભ ફાટે ત્યાં થીગડું ક્યાં મારવું ? હવે જ્યારે ગામડું જ પોતાની ઓળખ ગુમાવી બેઠું છે ત્યાં શેરી માટે શોરબકોર પણ ક્યાં કરવો ? શેરી હવે મનની કોઈ ગલીમાં ઢબુરાઈને પડી રહી છે..ચુપચાપ..ક્યારેક કણસતી કોઈ વ્યથાની જેમ...

# યોગી-મોદીની બોલબાલા : પંજાબમાં 'ઝાડુવાલા'

**તંત્રીસ્થાનેથી...**

એક્ઝિટ પોલ કરનારી એજન્સીઓને અને સટ્ટો લગાવનાર નિષ્ણાત સટોડિયાઓને પોરસ ચડે એવાં પરિણામો ઈવીએમ મશીનો ઓકી રહ્યા છે. એક વાર પંજાબના પ્રસિદ્ધ રાજવીએ તત્કાલીન અંગ્રેજ હકૂમતનાં લાલ લાલ ટપકાં જોઈ ભાખેલું : 'સબ લાલ હો જાયેગા!' મહારાજા રણજિતસિંહની એ આગાહી કાળક્રમે સાચી ઠરી હતી. એવું જ સમસ્ત ભારતના ભગવાકરણના સંઘસ્વપ્ન મુદ્દે કહી શકાય એમ છે. કાશ્મીર જેવી લટકતી સમસ્યા, રામજન્મભૂમિ અને ત્રિપલ તલાક પછી હવે કોમન સિવિલ કોડનો ખરડો પસાર કરી દેશે તો બહુમતી મતદાતા પાસે ભાજપનો કોઈ વિકલ્પ જ નહીં બચે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમની કુંડળીમાં અખંડ રાજયોગ લઈને જન્મ્યા છે. ગુજરાતમાં પેરાશૂટ મુખ્યમંત્રી થઈ ખાબક્યા એ પછી એમણે પાછું વળીને જોયું જ કયાં છે ? સિકંદર કે નેપોલિયન જેવી વિશ્વવિજેતા બનવાની ધખના ધરાવતા આ વડનગરના ફરજંદના વ્યક્તિત્વમાં એવું કશુંક છે જે વર્તમાન ભારતના અન્ય કોઈ નેતામાં નથી. એ પોતાના જ વરિષ્ઠોને આસાનીથી નિવૃત્ત કરાવી શકે છે. પાર્ટીમાં 'નંબર ટુ' ની જગ્યા પોતાના વિશ્વાસુ ગુજરાતી સાથી માટે રિઝર્વ કરી શકે છે. ઉત્તરપ્રદેશમાં કોરોનાકાળ દરમિયાન સરજાયેલી વિષમ પરિસ્થિતિ અને પ્રચંડ કિસાન આંદોલન પછી પણ જો યોગી આદિત્યનાથ એમનું મુખ્યમંત્રીપદું અકબંધ રાખી શક્યા હોય તો એમાં દૈવી કૃપા જેટલી જ મોદીબાબાની મહેરબાની પણ ભળેલી જ છે. લોકો આ મહાન રાષ્ટ્રવાદી નેતાથી એ હદે અંજાયેલા છે કે એમણે મોંઘવારી, બેરોજગારી, ધાર્મિક અસહિષ્ણુતા, માનવ અધિકારોની અવગણના જેવા મુદ્દા નડતા જ નથી. એ મતદાર કુટીરમાં જાય છે ત્યારે નથી તો એમને રાહુલ-પ્રિયંકાની કાકલૂદી યાદ રહેતી કે નથી યાદ રહેતી મમતા દીદીની આક્રોશભરી અપીલ. અખિલેશ યાદવને એમની હેસિયત બતાવી દઈ મતદાતાઓએ પાંચ વર્ષ પછીના મુખ્યમંત્રી તરીકે સ્વીકાર્યા છે અને માયાવતી તથા પ્રિયંકાને શાંતિથી ઘર સંભાળવાનો સંદેશ આપી દીધો છે. સોનિયા-બોનિયાની કશી અસર રહી નથી બલકે મોદી સામે તો મહાત્મા ગાંધીનું નામ પણ ટૂંકું પડવા લાગ્યું છે. આપવા ખાતર મોદી ગાંધી, સરદાર અને સુભાષબાબુ કે આંબેડકરને માન જરૂર આપતા રહે છે પણ મતદાતાઓને એ વર્ષો પૂર્વે સ્વર્ગલોકે સિધાવેલા મહાપુરુષોમાં નામનો પણ રસ નથી. હા, એમને કાશી વિશ્વનાથ, અવધપતિ રામ અને યશોદાનંદન કૃષ્ણ પ્રત્યે શાશ્વત લગાવ છે જે પરિણામોમાં પ્રતિબિંબિત થતો જોઈ શકાય છે. ભારતીય જનતા પાર્ટીને હંફાવવી અઘરી છે એવું ચૂંટણી નિષ્ણાત પ્રશાંત કિશોરનું તારણ સટીક નીકળ્યું છે. કોંગ્રેસ માટે ટકી રહેવું એ જ તરણોપાય છે અને 'આપ', 'તૃણમૂલ' કે 'સપા', 'રાજદ' જેવા પ્રાદેશિક પક્ષો સાથે ગઠબંધન કરે તો જ એ ટકી પણ શકશે નહીંતર પોતે તો ડૂબશે, સાથે પ્રાદેશિક પક્ષોને પણ નુકશાન કરતી રહેશે. ઉત્તરપ્રદેશ એકલું જ કબલે કર્યું હોત અને બીજાં રાજયોમાં પીછેહટ થઈ હોત તો પણ ભાજપ માટે આ ચૂંટણીઓ ૨૦૨૨માં થનારી ગુજરાત સહિતનાં રાજયોની તથા ૨૦૨૪માં થનારી લોકસભાની ચૂંટણી માટે વિજયનો પૂર્વાભાસ બની રહેત. પંજાબ એક માત્ર એવું રાજય છે જયાં ભાજપ અકાલીદળના ટેકાથી થોડી સારી સ્થિતિમાં રહી શક્યું હોત. જો કે ખેડૂત આંદોલનનો ખામિયાજો તો એને વેઠવો જ પડે એમ હતો. કેજરીવાલની લોકપ્રિયતા અને લોકશાહીપરસ્તી રંગ લાવી છે. ભગવાન માન ભલે સંસદમાં નશો કરીને લથડિયાં ખાતા હોય પણ પંજાબમાંથી એમણે એકી સાથે કોંગ્રેસ, અમરિંદરસિંહના જોરે કૂદતા ભાજપ અને સિધ્ધુ જેવા નાટકિયા નેતાઓને એમની હેસિયત બતાવી દીધી છે. ધાર્મિક પ્રભાવને કારણે પંજાબમાં અકાળીદળ તો ઓછાવત્તા પ્રમાણમાં ટકી જ રહેશે. હવે જયારે પ્રચંડ દિગ્વિજય પછી ચક્રવર્તી લોકહૃદય સમ્રાટ માદરે વતન પધારી રહ્યા છે ત્યારે ગુજરાતની પ્રજા એમના માટે લાલજાજમ અને લીલી ઝંડી લઈને તૈયાર જ બેઠી છે એમ માનવું રહ્યું. બની શકે કે ગુજરાતની ચૂંટણી વહેલી જાહેર થાય. એ માટે લાંબી રાહ જોવી કદાચ વર્તમાન રાજય સરકારને પણ નહીં પરવડે. કોંગ્રેસ એના આંતરકલહથી જ તૂટી રહી છે. કેપ્ટનને ખસેડવાથી કોંગ્રેસ પંજાબમાં વધુ ખરાબ પરિસ્થિતિમાં મુકાઈ ગઈ છે. એ જ રીતે ગુજરાતમાં શંકરસિંહ વાઘેલા જેવા નેતાએ કોંગ્રેસ છોડી તે પછી કોંગ્રેસ સતત પતનોન્મુખ થતી રહી છે. સારું છે કે કોંગ્રેસની આવી દુર્દશા જોયા પહેલાં જ એક સમયના દંતકથા રુપ લોકનેતા માધવસિંહ સોલંકી અને 'ચાણક્ય' ગણાતા અહમદ પટેલ હયાત નથી. બિચારા દુઃખી દુઃખી થઈ ગયા હોત. કોંગ્રેસના વરિષ્ઠતમ નેતા એન્ટની પણ નિવૃત્તિ લઈ, દિલ્હીને હંમેશ માટે રામ રામ કરી એમના હોમ સ્ટેટ કેરલ તરફ પ્રયાસ કરી રહ્યા છે. કોંગ્રેસના પારિવારિક નેતૃત્વ પાસે હમે સમ ખાવા જોગ કોઈ સારો સલાહકાર પણ બચ્યો નથી !

# કાદવમાં ખીલી કમળવેલ

હોલિકા અસુરકુળમાં જન્મી હતી; પરંતુ એનામાં દૈવી સંસ્કારો હતા. જન્મે રાક્ષસી - કર્મે દેવી. એ રીતે, એ જાણે કે કાદવમાં ખીલેલી કમળવેલ હતી.

એ ત્રણ ભાઈ -બહેન હતા. અનુક્રમે હિરણ્યકશિપુ, હિરણ્યાક્ષ અને હોલિકા.પરંતુ હોલિકાની પ્રવૃત્તિ બંને ભાઈઓથી જુદી. ઉમદા અને સાત્ત્વિક. એ અનન્ય શિવભક્ત હતી. ભગવાન શંકરે એને સામે ચાલીને ત્રણ વરદાન આપ્યાં હતા : (૧) એ રાત્રે નહિ મરે, દિવસે નહિ મરે. (૨) એ શસ્ત્રથી નહિ મરે, અસ્ત્રથી નહીં મરે. (૩) એ કોઈ રોગ કે કોઈ બિમારીથી નહિ મરે.

હિરણ્યકશિપુ અસુર સામ્રાજયનો અધિપતિ હતો. દેવો સાથે એમને સતત યુદ્ધો ચાલ્યા કરતા. આવા એક સંગ્રામમાં હિરણ્યાક્ષ ખપી ગયો.

હિરણ્યકશિપુને ઘરે પુત્ર જન્મ થયો. સૌને આનંદ હતો. એટલે એનું નામ પ્રહલાદ પાડ્યું. પરંતુ આ આનંદ લાંબો સમય ન ટક્યો. મહારાણી સગર્ભા હતી ત્યારે દેવર્ષિ નારદના ઉદાર આશ્રમમાં હતી. ગર્ભસ્થ બાળક ભગવાન વિષ્ણુનો અંશ હતો. નારદે એનામાં વિષ્ણુભક્તિના સંસ્કાર દઢ કરી મૂક્યા હતા. આથી પ્રહલાદ મોટો થતો હતો;



પરંતુ વિષ્ણુ ભક્તિને માર્ગે ચડી ગયો.

હિરણ્યકશિપુને મુખ્ય શત્રુતા વિષ્ણુ સાથે જ હતી. એણે પ્રહલાદને વારવાનો પ્રયત્ન શરૂ કર્યો. એને સમજાવ્યો, ધમકાવ્યો, કોઈ રીતે પ્રહલાદ વિષ્ણુ સ્મરણ છોડવા જ તૈયાર ન હતો. પિતાને ખાતરી થઈ ગઈ કે, આ પાછો નહીં જ વળે. એટલે પુત્રમાં એણે પોતાનો શત્રુ જોયો. હવે એને જુદી જુદી રીતે મારી નાખવાના પ્રયત્ન કરવા લાગ્યો, પરંતુ દરેક પ્રયત્નને અંતે એ જીવતો જ રહેતો. હોલિકાને ખબર હતી - 'આને કાંઈ થવાનું નથી.' એકવાર હિરણ્યકશિપુને દુષ્ટ વિચાર આવ્યો. એ હોલિકાના મહેલમાં આવ્યો. બહેનને વિનંતી કરી.'તું પ્રહલાદને મારી નાખવામાં મદદ કર.' હોલિકાએ ખસીને ના પાડી દીધી. મોટોભાઈ વારંવાર વાગ્રહ કરવા લાગ્યો; ત્યારે એણે વિચાર્યું, 'આને હું ના પાડતી રહીશ. એ તો એ મને હેરાન પરેશાન કરી મૂકશે. એ રીતે મરવું, એના કરતાં પ્રહલાદ માટે કેમ ન મરવું ? આમ પણ એને તો કશું થવાનું જ નથી.' એણે કહ્યું, 'ભલે કાલે ફાગણ માસની પૂનમ છે. તમે કાલે સાંજે પ્રહલાદને લઈને આવજો.' હિરણ્યકશિપુ રાજી થઈ ગયો. બીજે દિવસે સાંજે હોલિકાએ પોતાના મહેલના ચોગાનમાં લાકડાની ચીતા તૈયાર રાખી હતી. પિતાપુત્રની જોડી આવી ગઈ. હોલિકાએ કહ્યું, 'ભાઈ! તમે મશાલ પ્રગટાવો. હું પ્રહલાદને લઈને આમાં બેસી જાઉં છું.' હોલિકાએ આ કર્યું (૧) સાંજનો સમય નહિ રાત, નહિ દિવસ. (૨) અગ્નિનું સાધન - ન શસ્ત્ર, ન અસ્ત્ર; નહિ બિમારી.




હોલિકા ચીતામાં બેસી ગઈ. પ્રહલાદને ખોળામાં લીધો. પ્રેમથી એને માથે હાથ પસવાર્યો. મનમાં વિષ્ણુ-સ્મરણ કર્યું. હિરણ્યકશિપુને કહ્યું, 'હવે મશાલથી ચીતાને પ્રજ્જવલિત કરો.' હિરણ્યકશિપુએ સળગતી મશાલ ચાંપી. ભડભડતા અગ્નિમાં હોલિકા બળી ગઈ. પ્રહલાદ હેમખેમ બચી ગયો. પ્રહલાદના તેજોવર્તુળ નીચે હોલિકાના આત્મસ્મર્પણનો વૃત્તાંત ઢંકાઈ ગયો. પરંતુ લોકોને યાદ આવ્યું. ફાગણની પૂનમે મંદિર પાસે અગ્નિ પ્રગટે, એ હોલી. એની પ્રદક્ષિણા કરતી વખતે બોલવાનું - હોલિકાયૈ નમઃ । હોલિકાને પ્રમાણ.

### દિન મહિમા

- સર એલેઝાન્ડર ફ્લેમિંગની પુણ્યતિથિ, જીવવિજ્ઞાની એન્ઝાઈમ લાઈસોમાઈમની શોધ અને પેનિસિલિનની શોધ માટે ફિઝિયોલોજીમાં નોબેલ પુરસ્કાર વિજેતા.
- ચંદ્રભાનુ ગુપ્તાની પુણ્યતિથિ : જેમણે ત્રણ ટર્મ માટે ઉત્તરપ્રદેશ રાજયના મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી હતી. ભારતીય સ્વતંત્રતા ચળવળમાં સક્રીય ભાગ લીધો હતો.

આજનું

### ઔષધ

- કોથમીરનો તાજો રસ અને લીંબુનો રસ ભેળવી રોજ સવારે પીવાથી લોહી શુદ્ધ બને છે અને વજન વધે છે.

### ખડખડાટ

- ઘરવાળી : મારું વજન ઘટતું જાય છે. કોઈ ઉપાય બતાવો.
પતિ : વજન એ માત્ર શબ્દ નથી આખું વાક્ય છે.
વધારે જમવં નહીં (વ.જ.ન.)...!

આજનો

### વોટ્સએપ

- બધા દુઃખ દૂર થયા પછી મન પ્રસન્ન થશે, એ તમારો ભ્રમ છે.
મન - પ્રસન્ન રાખો બધાં દુઃખ દૂર થઈ જશે એ હકીકત છે.

# ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ વેઝીટેબલ રિસર્ચ કયાં આવેલ છે?

### કૃષિ જગત




૧ તેલીબીયાના રાજા તરીકે ઓળખાતી મગફળીનું ઉત્પત્તિ સ્થાન કયો દેશ છે?
(અ) બ્રાઝીલ (બ) ચીન
(ક) પોલેન્ડ (ડ) પોર્ટુગલ

૨ એમ.એસ. સ્વામીનાથન કઈ ક્રાંતિના જનક છે ?
(અ) શ્વેત ક્રાન્તિ (બ) હરિત ક્રાન્તિ
(ક) પીળી ક્રાન્તિ (ડ) ત્રણેયમાંથી એક પણ નહીં

૩ ભારતનું કયુ રાજય સૌથી વધુ કોફીનું ઉત્પાદન કરે છે?
(અ) તમિલનાડુ (બ) કેરળ
(ક) કર્ણાટક (ડ) આંધ્રપ્રદેશ

૪ ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ વેઝીટેબલ રિસર્ચ કયાં આવેલ છે?
(અ) ભોપાલ (બ) નાસિક
(ક) સુરત (ડ) વારાણસી

૫ હરિત ક્રાન્તિનો સૌથી વધુ લાભ કયા ફળ પાકને થયો છે ?
(અ) કેરી (બ) પયૈયા
(ક) કેળા (ડ) દ્રાક્ષ

૬ કયા પાકની એક પ્રજાતિનું નામ ઉજ્જવવા છે?
(અ) કાબુલી ચણા (બ) મગફળી
(ક) તુવેર (ડ) કાજુ

૭ રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના ક્યારથી શરૂ થઈ ?
(અ) ઈ.સ. ૧૯૯૦ (બ) ઈ.સ. ૧૯૯૫
(ક) ઈ.સ. ૧૯૯૯ (ડ) ઈ.સ. ૨૦૦૧

૮ કયું ફૂલ ફૂલોના રાજા તરીકે ઓળખાય છે?
(અ) સૂર્યમુખી (બ) જાસૂદ
(ક) બારમાસી (ડ) ગુલાબ

૯ ૨૦૦૯માં વિશ્વ ખાદ્ય શાંતિ પુરસ્કાર કોને મળ્યો હતો?
(અ) સ્વામીનાથનને (બ) ડૉ. વર્ગીસ કુરીયનને
(ક) ઝવેરભાઈ પટેલને (ડ) ડૉ. બી.પી. પાલને

૧૦ કયું સ્થળ ગાર્ડન સિટી તરીકે ઓળખાય છે ?
(અ) બેંગાલુરુ (બ) મૈસુર
(ક) નાસિક (ડ) હૈદરાબાદ

૧૧ કઈ ખેતીને વિટી કલ્ચર કહેવામાં આવે છે ?
(અ) મત્સ્ય પાલન (બ) દ્રાક્ષની ખેતી
(ક) અળસિયાનો ઉછેર (ડ) મધમાખીનો ઉછેર

૧૨ મહારાણા પ્રતાપ કૃષિ યુનિવર્સિટી કયાં આવેલી છે ?
(અ) જબલપુર (બ) જયપુર
(ક) ઉદયપુર (ડ) શિરોહી

૧૩ ચંદ્રશેખર આઝાદ કૃષિ અને પ્રૌયિગીકી યુનિવર્સિટી કયાં આવેલી છે ?
(અ) જબલપુર (બ) હિસ્સાર
(ક) કરનાલ (ડ) લખનૌ

૧૪ ભારતીય મસાલા અનુસંધાન સંસ્થાન કયાં આવેલ છે?
(અ) પુત્તુર (કર્ણાટક) (બ) કાલીકટ (કેરલ)
(ક) નાસીક (મહારાષ્ટ્ર) (ડ) ત્રિચરાપલ્લી (તમિલનાડુ)

૧૫ રીપેર રીનોવેશન એન્ડ રિસ્ટોરેશન ૩ આર કાર્યક્રમ કોને સંબંધિત છે?
(અ) જળસંગ્રહ (બ) ભૂમિ સુધાર

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧૧ માર્ચ :
  - જાપાનમાં ધરતીકંપ થયો, ત્સુનામી આવતા ન્યુકલીઅર પ્લાન્ટને નુકશાન (૨૦૧૧)
  - ડબલ્યુ.એચ.ઓ. એ કોવિડ-૧૯ને પેન્ડામીક તરીકે જાહેર કર્યો (૨૦૨૦)
  - મિચેલ બેચલેટ ચીલી દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા (૨૦૦૬)
  - પ્રગતિશીલ અને લોકપ્રિય રાજવી સયાજીરાવ ગાયકવાડનો જન્મદિવસ (૧૮૬૩)
- ૧૨ માર્ચ :
  - મીઠાના કરનો વિરોધ કરવા સાબરમતીથી દાંડીકૂચ થઈ (૧૯૩૦)
  - ભારત સરકારે સાહિત્ય અકાદમીની સ્થાપના કરી.
  - સ્ટુટબેકર ઓટોમોબાઈલ કંપનીના સ્થાપક કલીમેન્ટ સ્ટુડેબેકરને જન્મદિવસ (૧૮૩૧)
  - અમેરિકન નર્સ અને શિક્ષણશાસ્ત્રી જેન.એ. ડેલાનો જન્મદિવસ (૧૮૬૨)
- ૧૩ માર્ચ :
  - રાજનેતા વરુણ ગાંધીનો જન્મદિવસ (૧૯૮૦)
  - ખગોળશાસ્ત્રી વિલિયમ હર્ષતે યુરેનશ ગ્રહ શોધી કાઢ્યો (૧૯૮૧)
  - અમેરિકન લાર્કાર માર્વિન હેન્ગલરનું ૬૬ વર્ષની વયે અવસાન (૨૦૨૧)
  - જલીયાવાળા બાગના હત્યાકાર જનરલ ડાયરને ઉધમસિંહે ગોળી મારી (૧૯૪૦)
- ૧૪ માર્ચ : આંતરરાષ્ટ્રીય પાઈ દિવસ
  - સાહિત્યકાર જુગતરામ દવેની પુણ્યતિથિ (૧૯૮૫)
  - વ્લાદિમિર પુતિન રશિયાના બીજીવાર પ્રેસિડેન્ટ બન્યા (૨૦૦૪)
  - અમેરિકન ડેન્સ્ટીસ્ટ લુસી હોબ ટેઈલરનો જન્મદિવસ (૧૮૩૩)
  - ભારતીય ફિલ્મ અભિનેતા આમીરખાનનો જન્મદિવસ (૧૯૬૫)
- ૧૫ માર્ચ : વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ
  - દલપત વસાણી 'શોભન'ની જન્મજયંતિ (૧૯૩૬)
  - જેદંગ જેમીન ચીનના પ્રેસીડેન્ટ બન્યા (૨૦૦૩)
  - પ્રખર ગાંધીવાદી નારણભાઈ દેસાઈનું નિધન (૨૦૧૫)
  - મિખાઈલ ગોર્બાચોવ રશિયાના પ્રમુખ બન્યા (૧૯૯૦)
- ૧૬ માર્ચ : રસીકરણ દિવસ
  - ઉર્મિ કવિ ન્હાનાલાલનો જન્મદિવસ (૧૮૭૭)
  - અમેરિકન વૈજ્ઞાનિક રોબર્ટ ગેડાર્ડે પ્રવાહી બળતણથી ચાલતું રોકેટ બનાવ્યું (૧૯૨૬)
  - અમેરિકાના ચોથા રાષ્ટ્રપ્રમુખ જેમ્સ મેડિસનનો જન્મદિવસ (૧૭૫૧)
  - ટીવી આર્ટિસ્ટ રણવિજયસિંહનો જન્મદિવસ (૧૯૮૩)
- ૧૭ માર્ચ :
  - અમેરીકન એથ્લેટ્સ મિયા હમનો જન્મદિવસ (૧૯૭૨)
  - ગાવસ્કરે ટેસ્ટ ક્રિકેટમાંથી સન્યાસ લીધો (૧૯૮૭)
  - સોલાર પાવરથી ચાલતો પ્રથમ સેટેલાઈટ લોન્ચ કરાયો (૧૯૫૮)
  - ભારતીય બેડમિન્ટન ખેલાડી સાયના નેહવાલનો જન્મદિવસ (૧૯૯૦)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

કેન્દ્ર સરકારમાં જયોતિરાદિત્ય સિંધિયા કયા ખાતાના મંત્રી છે ?
જવાબ : ઉડ્ડયન મંત્રી (સિવિલ એવિયેશન)

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ (૨) રુચિત પટેલ : ધોળેશ્વર પાસે (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) જીતેન્દ્ર ઘરવાડિયા : સે-૩૦ (૫) હાર્દિક મકવાણા : સે-૨૪ (૬) શિવાંગ બી પટેલ : સરગાસણ (૭) મીત પી પટેલ : સે-૨૩ (૮) મુળજીભાઈ પરમાર : સે-૭ (૯) એન બી ચુડાસમા : સેકટર-૩બી

**આ સપ્તાહનો સવાલ**

યુક્રેનના પ્રેસીડેન્ટનું નામ શું છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# વિશ્વ શ્રવણ દિવસ એટલે....!

'પનુભાઈ, તા. ૩ માર્ચે સરકારે કયો દિવસ ઉજવ્યો, ખબર છે?'

'હા... કાકા... વિશ્વ શ્રવણ દિવસ... અમે તા.૩ નાં પેપરોમાં સરકારની એ જાહેરખબરો જોઈ હતી, હોં !'


'સરકારે બહુ સારું કર્યું કહેવાય, ખરું ને પનુભાઈ?'

'હાસ્તો....'

'મા-બાપની સેવા કરનાર, અંધ માત-પિતાને કાવડમાં બેસાડીને એમને જાત્રા કરાવનાર પિતૃભક્ત શ્રવણના માનમાં સરકારે શ્રવણ દિનની ઊજવણી કરી તે સારું કર્યું છે...'

'અરે, અંકલ... વિશ્વ શ્રવણ દિવસ એટલે....'

'આપણા સાહેબનો પ્રભાવ જોયો ને પનુભાઈ ?' એમને પૂરું બોલવા દેવાના બદલે રેડઅંકલે એમનું ચલાવ્યે રાખ્યું : 'શ્રવણ આપણો અને એના માનમાં સમગ્ર વિશ્વ 'શ્રવણ દિન'ની ઉજવણી કરે છે.... સાહેબે પહેલાં આપણા 'યોગ' ને સન્માન અપાવી 'વિશ્વ યોગ દિવસ' કરાવ્યો ને હવે 'વિશ્વ શ્રવણ દિવસ' ઉજવાતો કરી દીધો....




'અંકલ... અંકલ... બાફો નહીં તમે. મારી વાત સાંભળો પહેલાં !' અમે કહ્યું...

'શું કહો છો, બોલો.'

'લાલાકાકા, તમે સરકારી જાહેરાત આખી ને ધ્યાન પૂર્વક પહેલાં વાંચો તો ખરાં.'

'કેમ ? શ્રવણની જ વાત હતી ને?'

'કાકા મારા., ના કરો આવા ગોટાળા....'

'પણ શું થયું, પનુભાઈ ?'

'અંકલ, 'વિશ્વ શ્રવણ દિવસ' એટલે અંધ માત-પિતાની સેવા કરનાર આપણા શ્રવણની વાત નથી...

'તો ?'

'શ્રવણ એટલે.... હિયરીંગની વાત છે.'

'અચ્છા ?' સમજી ગયો.... હિયરીંગ એટલે કોર્ટ-કચેરીઓમાં કેસોમાં હિયરીંગ કરાય છે તે, રાઈટ? એટલે દુનિયામાં કેસોના ભરાવો થઈ પડેલા પડતર હિયરીંગના નિકાલનો દિવસ 'વિશ્વ શ્રવણ દિવસ....' બરાબર સમજવોને હું પનુભાઈ?

'નથી સમજ્યા, અંકલ, તમે જરાય બરાબર થી સમજ્યા....'

'કેમ, પાછું શું થયું ?'

'અંકલ, શ્રવણ - હિયરીંગ એટલે કોર્ટ કેસોનું હિયરીંગ નહીં... શ્રવણ એટલે... સાંભળવું. શ્રવણ શક્તિ - સાંભળવાની શક્તિ...'

'યસ યસ.... કથા શ્રવણ એવું કહેવાય છે ને...' અમને પૂરું સાંભળ્યા વિના પાછી રેડઅંકલે એમની વગર બ્રેકની ગાડી દોડાવવા માંડી : 'શ્રવણ એટલે સાંભળવું... મતલબ વિશ્વ શ્રવણ દિવસ...' યાને કે....'સાંભળવાની શક્તિ કેમ સાચવવી, કાને બહેરાશ ના આવે એ માટે શું શું કાળજી રાખવી એ વિશે સમાજમાં જાગૃતિ ફેલાવવા માટેનો ખાસ દિવસ..' સમજ્યા ?'

'હા, હોં, પનુભાઈ, હવે પૂરેપૂરું ને સાચે સાચું સમજાઈ ગયું....'

કાન અને શ્રવણ શક્તિ જાળવવા માટે લેવાની સાવચેતી વિશેનો સાચો ખ્યાલ લોકોમાં પ્રસરાવવા ઊજવાતો આ દિવસ છે...'

હં.... માટે જ કરું છું અંકલ કે પૂરું વાંચ્યા, સમજ્યા વિના બોલવામાં માલ નથી.... આવું વિચાર્યા વગર, મનમાં જે આવે ને ફાવે તેવું બોલવા ઉપર બ્રેક મારતાં શીખવું જોઈએ સૌએ...'

'બસ, હોં પનુભાઈ....' મને 'ટોન્ટ' ના મારો... 'અમારા જનરલ સ્ટેટમેન્ટને પર્સનલી લઈ લીધું અંકલે અને નારાજ થઈ જતાં કહે : 'હું વગર વિચાર્યે અને જાણ્યા - સમ્જાય વગર બકબક કરું છું એમ કહેવું છે તમારું ?' વડીલોને આવું કહી સંભળાવવું સારું ના કહેવાય !' બોલી અંકલ મોં લટકાવીને બેસી ગયા.

'સોરી, અંકલ... પણ મેં તમને નથી કહ્યું.... મારાથી એવી ભૂલ થાય ખરી ?' રિસાયેલા અંકલને મનાવવા અમે પ્રયત્ન કર્યો : 'અમારી એવી હિંમત ચાલે ખરી ? હું તો જનરલ વાત કરતો હતો... તમે ખોટું તમારા ઉપર લઈ લો છો.... '

ત્યાં તો અમને ઢીલા પડેલા જોઈ રેડ અંકલે એકદમ હસી પડ્યા ને પછી એમના ટિપિકલ લાફીંગ પર બ્રેક મારીને કહે : 'પનુભાઈ, કેવા બનાવ્યા તમને !'

'હેં, એટલે ?'

'એટલે એમ કે હું તો તમારી જોડે ગમ્મત કરતો હતો બાકી 'વિશ્વ શ્રવણ દિવસ' શું છે એની મને ખબર ના હોય ?'

'ગમ્મત?'

'હાસ્તો.... બે ઘડી મજાક.... પણ મને થાય છે કે મને મજાકમાં શ્રવણ દિવસ' વિશે જે સૂઝ્યું એવું

અનુસંધાન પાના નં. ૭ પર